1. સૈનિક સંગઠન ''વાર્યો કરાર'' માં કયાં રાષ્ટ્રો સભ્યો હતાં ?

➢ સૈનિક સંગઠન ''વાર્યો કરાર'' માં અલ્વેનિયા, બબ્બેરિયા, ઝેકોસ્લોવેલિયા, પર્વ જર્મની, હંગેરી, પોલેન્ડ, રૂમાનિયા અને રશિયા સભ્યો હતા.

2. ઠંડા યુધ્ધના અંતનો પ્રારંભ કયારથી થયો?

➢ ઈ.સ. 1959 માં રશિયાના વડાપ્રધાન ખુશ્રોવે અમેરિકાની શુભેચ્છા મુલાકાત લીધી ત્યારથી ઠંડા યુધ્ધના અંતનો પ્રારંભ થયો.

3. ઈ.સ. 1911માં તિબેટને કોણે સ્વતંત્રતા આપી હતી ?

➢ ઈ.સ. 1911માં ચીનમાં ડો. સુનયાત સેનની આગેવાની નીચે ક્રાંતિ થઈ હતી. ચીનમાં સ્થપાયેલા નવા પ્રજાતંત્ર તિબેટને સ્વતંત્રતા આપી.

4. ''આફ્રિકાઆફ્રિકનો માટે'' નું સૂત્ર કોણે ગૂંજતું કર્યું?

➢ વિલમાંટ બ્લાઈન નામના દક્ષિણ આફ્રિકાના નાગરિકે ''આફ્રિકીઆફ્રિકનો માટે'' નું સૂત્ર ગૂંજતું કર્યું.

5. બિનજોડાણવાદની નીતિને સમર્થન આપનાર, જીવન નેતાઓના નામ જણાવો.

➢ બિનજોડાણવાદની નીતિને સમર્થન આપનાર મહાન નેતાઓમાં ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણા, ઈજીપ્તના રાષ્ટ્રપતિ કમાલ અબ્દુલનાસર અને યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ માશેલ ટીટો .

6. યુધ્ધ બાદ કેટલા વર્ષોમાં દ્વિતીય વિશ્વયુદ્ધ થયું હતું?

➢ પ્રથમ વિશ્વ યુદ્ધ ના માત્ર 20 વર્ષો માં જ દ્વિતીય વિશ્વ યુદ્ધ થયું હતું.

7. જર્મનીની ચાર સતાઓના શાસનતંત્ર ના સંકલન માટે કઈ સમિતિ ની રચના કરવામાં આવી હતી ?

➢ જર્મની ની ચાર સત્તાઓના શાસનતંત્રના સંકલન માટે ''સંયુક્ત નિયત્રણ સમિતિ'' (Allied Control Council)) ની રચના કરવામાં આવી હતી.

8. દ્રિતીય વિશ્વયુદ્ધ પછી જાપાને પર કોનો અંકુશ સ્થાપવામાં આવ્યો?

➢ દ્રિતીય વિશ્વયુધ્ધ પછી જાપાન પર અમેરિકાના સેનાપતિ મેક આર્થર નો અંકુશ સ્થાપવામાં આવ્યો.

9. દ્રિતીય વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સનાં તાબા હેઠળના કયાં દેશો સ્વતંત્ર થયાં ?

➢ દ્રિતીય વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સનાં તાબા હેઠળના હિન્દીચીન, અલ્જિરીયા, ટ્યૂનિસિયા, જેવા દેશો સ્વતંત્ર થયાં.

10. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ઇંગ્લેન્ડની સંસ્થાનોમાંથી કયા દેશો સ્વતંત્ર બન્યા.

- દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ઇંગ્લેન્ડની સંસ્થાનોમાંથી ઈજીપ્ત, સુદાન, ટોગોલેન્ડ, ગોલકોસ્ટ, સિલ્વર લેકોસ્ટ, કેન્યા, યુગાન્ડા, નાઈજીરિયા, ન્યાસા લેન્ડ અને રહોડેશિયા સ્વતંત્ર બન્યા.

11. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી કયાં દેશોમાં “સામ્યવાદી” પ્રભાવ વધ્યો?

- દ્વિતીય વિશ્વયુદ્ધ પૂર્વ જર્મની, પોલેન્ડ, રૂમાનિયા, હંગેરી, બબ્બેરિયા, આલ્બનિયા, ઝેકોસ્લોવાકિયા, યુગોસ્લાવિયા દેશોમાં “સામ્યવાદી” પ્રભાવ વધ્યો.

12. યહૂદીઓ માટે સૌ પ્રથમ અલગ રાજ્ય સ્થાપવાની ચળવળ કોને કરી ?

- યહૂદીઓ માટે સૌ પ્રથમ અલગ રાજય સ્થાપવાની ચળવળ યહૂદી નેતા થિયોડોર હઝેલે કરી.

13. “બાલ્ફર જાહેરનામા” શું છે?

- ઇંગ્લેન્ડના વિદેશપ્રધાન બાફરે યહુદી નેતા રોકચાઇલ્ડને જે પત્ર લખ્યો તે ‘બાલ્ફર જાહેરનામા” તરીકે ઓળખાય છે. જેમાં યહૂદીઓની અલગ રાજયની માંગણી ને ટેકો જાહેર કરવામાં આવ્યો હતો .

14. “ઈઝરાયલ” રાજ્યની સ્થાપના કયારે થઈ?

- ઈઝરાયલ રાજયની સ્થાપના 14 મી મે, 1948 ના રોજ થઈ.

15. ઈઝરાયલર પર કયાં દેશોએ આક્રમણ કર્યું હતું ?

- નવા રચાયેલા ઈઝરાયલર પર મિસર, સિરિયા, જોર્ડન, ઈરાકે અને લેબેનોને આક્રમણ કર્યું હતું .

16. ચીનમાં મહાપ્રસ્થાન કોના નેતૃત્વમાં થયું?

- ચીનમાં માઓત્સતુંગના નેતૃત્વમાં મહાપ્રસ્થાન થયું.

17. NATO માં કયાં દેશો જોડાયા ?

- NATO માં અમેરિકા, બ્રિટન ફ્રાન્સ, કેનેડા, બેલ્જિયમ, ડેનમાર્ક, ઈટાલી , લકઝેમબર્ગ, આઈસલેન્ડ, નોર્વે તેમજ પોર્ટુગલ જોડાયા હતાં.

18. NATO નું પૂર્ણ રૂપ આપો.

- NATO = North Atlantic Treaty Organization

19. SEATO નું પૂર્ણ રૂપ આપો.?

- SEATO  South East Asia Treaty Organization

20. સામ્યવાદી દેશોએ પોતાના દેશની આર્થિક સ્થિતી સુધારવા કઈ યોજના અમલમાં મૂકી હતી ?

- સામ્યવાદી દેશને પોતાના દેશની આર્થિક સ્થિતી સુધારવા માટે ખૂશ્રોવના નેતૃત્વમાં એ "કોમેકોને" યોજના અમલમાં મૂકી.

21. કોરિયાનું વિભાજન કયારે થયું?

- ઈ.સ. 1930 માં ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા એમ બે ભાગમાં કોરિયાનું વિભાજન થયું.

22. કયાં યુધ્ધમાં અમેરિકાએ બદનામી વહોરી ?

- વિયેટનામ ના આંતરિ વિગ્રહમાં દક્ષિણ વિયેટનામ ને મદદ કરવાનું અમેરિકાએ બદનામી વહોરી.

24. કયા કારણોસર ઘાના 'ગોલ્ડ કોસ્ટ' તરીકે જાણીતું છે?

- કોકોના વાવેતર અને વિપુલ ખનીજસંપતિને કારાણે ઘાના "ગોલ્ડ કોસ્ટ" તરીકે જાણીતું છે.

25. દ્રિતીય વિશ્વયુધ્ધમાં કેટલા અન્જિરિયનોની હત્યા થઈ?

- દ્વિતીય વિશ્વયુધ્ધમાં 45,000 અલ્જિરિયનોની હત્યા થઈ હતી.

26. UNO માં રંગભેદ નીતિને દૂર કરતો ઠરાવ કયારે પસાર થયો?

- UNO માં રંગભેદનીતિને દૂર કરતો ઠરાવ 14 નવેમ્બર, 1960 ના રોજ પસાર થયો.